

**આર્ષદ્રષ્ટા** સંત શિરોમણિ યુગપુરુષ ગુરુદેવ યોગીજીમહારાજે ભવિષ્યની જરૂરિયાતને પિછાણી નવયુગનાં ઘડતર કરવા કાજે એક અત્યંત તેજસ્વી લાડીલા યુવાન સંતવર્ય જશુભાઈસાહેબને ભાગવતી દીક્ષા આપ્યા સિવાય સાદાં વસ્ત્રો પહેરી, સમાજમાં રહ્યા છતાં અનાસક્ત રહી, પ્રભુ પામવાની અનેરી અને અનુપમ મંત્રદીક્ષા આપી આધ્યાત્મિક ક્રાંતિ આણી; જેને ૫૦ વર્ષ પૂર્ણ થયાં ! સંતભગવંત સાહેબજી દ્વારા અનુપમ મિશનના માધ્યમથી થયેલાં માનવ ઉત્થાનનાં ઐતિહાસિક કાર્યોનાં દર્શન કરાવતી ભવ્ય અને નયનરમ્ય પ્રદર્શનીનું આયોજન મહોત્સવ પરિસર સહજાનંદ ધામમાં અમદાવાદના યુવાનોએ કર્યું, જેનું નામ હતું 'યોગી નવનીત વાટિકા'.

૩૦ જાન્યુઆરી, સોમવારે સવારે આ પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન સંતભગવંત સાહેબજી, પ.પૂ. દિનકરભાઈ, પૂ. હિંમતસ્વામી, ડૉ. વીરેન્દ્રભાઈ, વિનોદભાઈ, વિજયકુમાર, જોહ્‌નુભાઈ, દીપેનભાઈ આદિ દેશ-પરદેશના ભક્તોની પાવન ઉપસ્થિતિમાં રિબિન ખોલીને કરાયું. મોટર ડ્રિવન ઑટોમેટિક સાઉન્ડ-લાઈટ કોઑર્ડિનેશન દ્વારા સંવાદ, ફ્લૅક્સ-ચિત્ર કલાનાં સમન્વય, મનમોહક સજ્જા, જીવનમૂલ્યોનાં સંવર્ધન અર્થે વિડિયો દ્વારા સમજ, ભક્તિ કરવા વેગ આપતી પ્રવૃત્તિઓની ઝાંખી આપતી આ પ્રદર્શનીનાં દર્શન હજારો મુમુક્ષુઓએ કર્યાં અને આનંદ માણ્યો !

આ પ્રસંગે કથાકાર શાસ્ત્રી રાજેન્દ્રપ્રસાદ ભટ્ટ, પ.પૂ. દિનકરભાઈ અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપ્યા અને સેવકોની સેવાને બિરદાવી. ડૉ. મનોજભાઈ સોનીએ યોગી નવનીત વાટિકાનાં રહસ્યોને છતાં કર્યાં અને આ પ્રદર્શની ઊભી કર્યા પાછળનો મર્મ સમજાવ્યો ! પ્રદર્શનીના નામમાં આવતા નવનીત શબ્દે સહજ જ સૌનું ધ્યાન દોર્યું જેણે અક્ષરનિવાસી એન. આર.દાદાની યાદ તાજી કરાવી !




# મહોત્સવ પરિસર સહજાનંદ ધામમાં યોગીનવનીત વાટિકા ઉદ્‌ઘાટન



પ.પૂ. દિનકરભાઈ, ડૉ. વીરેન્દ્રભાઈ દ્વારા પ્રદર્શની ઉદ્‌ઘાટન



એન. આર.દાદાનાં દીકરી નિમિષાબહેન દ્વારા શ્રી ઠાકોરજીનાં પૂજન



પૂ. હિંમતસ્વામીજી અને અક્ષરમુક્તોના હસ્તે દીપપ્રાગટ્ય







સંતભગવંત સાહેબજી, સંતો–અક્ષરમુક્તો દ્વારા મંત્રપુષ્પાંજલિ અર્પણ



શ્રી યોગીનવનીત વાટિકા–પ્રદર્શની નિહાળતા સાહેબજી, સંતો, મુક્તો



શ્રી યોગીનવનીત વાટિકામાં આશીર્વાદ : પ.પૂ. દિનકરભાઈ



પ્રદર્શનીમાં શ્રી યોગી આજ્ઞારૂપ મંત્રદીક્ષાનો પ્રસંગ 3D દ્વારા પ્રસ્તુત



પ.પૂ. શાસ્ત્રીજી તથા પ.પૂ. દિનકરભાઈના હસ્તે શ્રી નીલકંઠવર્ણી જલાભિષેક



શ્રી યોગીનવનીત વાટિકામાં સાહેબજી અને સંતોના આશીર્વાદ



શ્રી યોગીનવનીત વાટિકામાં શ્રી નીલકંઠવર્ણી જલાભિષેક



માણભટ્ટ કલ્પેશ વ્યાસ દ્વારા ગુરુદેવ યોગીજીમહારાજ માહાત્મ્યદર્શન